# શહેરમાં આકરી ગરમીથી નગરજનો તોબા -મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રીએ પહોંચ્યુ

## ૩૦ એપ્રિલ અને ૧લી મેએ પારો ૪૪ ડિગ્રીએ પહોંચશે તેવુ હવામાન-પૂર્વાનુમાન

**હવામાન વિભાગે ૨૯-૩૦ એપ્રિલ માટે ગાંધીનગરને લઈ યલો એલર્ટ જાહેર કર્યું**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આગામી તીવ્ર દિવસોમાં હીટવેવ તીવ્ર બનશે. ૩૦ એપ્રિલ અને ૧લી મે એ તાપમાનનો પારો ૪૪ ડિગ્રી સે. સુધી પહોંચી શકે તેવી સંભાવનાઓ છે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૮ માં જણાવ્યું છે કે ૨૭ એપ્રિલથી ૧લી મે સુધી આકાશ ચોખ્ખુ રહેશે. વરસાદ પડવાની શક્યતા નથી.

મહત્તમ તાપમાન ૪૨ થી ૪૪ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫-૨૬ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૭ થી ૫૪ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૬ થી ૨૧ કિ.મી. પ્રતિ કલાક રહેવા શક્યતા છે. હવામાન પૂર્વાનુમાન અંગે જણાવ્યુ છે કે ૩૦ એપ્રિલ અને ૧લી મે ના દિવસ દરમ્યાન ઉત્તર ગુજરાતમાં છુટા છવાયા સ્થાનો પર તીવ્ર ગરમીનું મોજુ પ્રવર્તવાની શક્યતા છે.

હવામાન વિભાગે પણ રાજ્યમાં હીટવેવને લઈ જારી કરેલી આગાહીમાં ૨૯ અને ૩૦ એપ્રિલ દરમ્યાન ગાંધીનગર માટે યલો એલર્ટ જારી કર્યુ છે.

ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે કે શિયાળુ પાકોની કાપણી કર્યા બાદ જમીનમાં ઊંડી ખેડ કરી જમીનને સૂર્યપ્રકાશમાં તપવા દેવી જેથી જમીનમાં રહેલ રોગ જીવાતનો નાશ કરી શકાય છે.

ઉનાળુ વાવેતર પાકોમાં ફુલ અવસ્થાએ જરૂરિયાત મુજબ પિયત આપવુ. ઉનાળુ વાવેતર પાકોમાં નીંદણ અને આંતરખેડની કામગીરી કરવી. દાણા અને ઘાસચારાને ખુલ્લા સૂર્યપ્રકાશના તાપમાં સુકવ્યા બાદ બગાડ ના થાય તે રીતે સંગ્રહ કરવો.

પશુપાલકોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે કે તાપમાન વધારે રહેવાના કારણે પશુને બપોરના સમયે છાંયડામાં રાખવા, પશુઓમાં ગળસુંઢો અને ગાંઠીયા તાવના રોગના નિયંત્રણ માટે રસીકરણ પણ કરાવી લેવાની સલાહ આપવામાં આવી છે.

**ગઇકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૧ ડીગ્રી ઉંચકાયો : છેલ્લા એક સપ્તાહથી ગરમીના પારાની નજીવી ચઢઉતર વચ્ચે સતત ગરમી પ્રકોપથી શહેરીજનો પ્રભાવિત**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં ગરમીનો મિજાજ છેલ્લા ઘણાં સમયથી ઉગ્ર છે. છેલ્લા એક સપ્તાહથી ગરમીનો પારો ૪૨ ડીગ્રીની આસપાસ જ રહે છે. જેના લીધે સતત આકરી ગરમીમાં જનજીવન હીટવેવથી પ્રભાવિત છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૧.૨ રહ્યુ હતુ જયારે આજે મહત્તમ તાપમાન વધીને ૪૨ ડીગ્રીએ પહોંચી જતા દિવસનો તાપ વધુ આકારો અને અસહ્ય બન્યો હતો. મહત્તમ તાપમાનથી વિપરિત લઘુત્તમ તાપમાનમાં પણ દોઢ ડીગ્રીનો ફેરફાર જોવા મળ્યો હતો.

ગાંધીનગરમાં ગરમીની મોસમ આકરી બની છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં ગત માર્ચ મહીનાથી જ મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીને અડી ગયુ હતુ જયારે એપ્રિલના પ્રારંભે રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. જેના લીધે ગરમીનો પારો ૪૪ ડીગ્રી નજીક આવી ગયો હતો જો કે ત્યારબાદ પણ ગરમીનુ જોર યથાવત રહ્યુ હતુ જેથી શહેરીજનો અંગ દઝાડતી ગરમીમાં શેકાઈ રહ્યા છે. છેલ્લા એક સપ્તાહથી મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રીની આસપાસ જ જોવા મળી રહ્યુ છે. જયારે થોડા દિવસો અગાઉ વાતાવરણ પલ્ટાના લીધે ગરમીનો મિજાજ બદલાયો હતો. અલબત્ત ગરમીનો પારો ૪૦ ડીગ્રીની અંદર આવી ગયો હતો. પરંતુ છેલ્લા એક સપ્તાહથી ગરમીનો ઉગ્ર મિજાજ જોવા મળી રહ્યો છે. બે દિવસ અગાઉ મહત્તમ તાપમાન ૪૨.૫ ડીગ્રી પહોંચી ગયુ હતુ જયારે ગઈકાલે ગરમીના પ્રમાણમાં હળવો ઘટાડો થયો હતો જયારે આજે ફરી ૦. ૮ ડીગ્રીના વધારા સાથે મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રી નોંધાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સિવિલમાં જટિલ એવી સર્જરી કરી યુવકના ગળામાંથી જ્ઞાનતંતુની ગાંઠ દૂર કરાઈ





ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રેરેસ્ટ ઓફ રેર ગણાતા ગળામાં જ્ઞાનતંતુની ગાંઠનું સફળતાપૂર્વક ઓપરેશન ઈ.એન.ટી.ના વડા ડૉ. યોગેશ ગજ્જર અને તેમની ટીમ તેમજ એનેસ્થેશિયાના વડા ડૉ. શોભના ગુપ્તા તથા ડૉ. દક્ષાબેનની ટીમે કર્યુ છે.

ગળામાંથી ૫X૪ ઈંચની ગાંઠ જે બટાકા જેવી હતી તે ત્રણ કલાકથી પણ વધુ સમય સુધી ઓપરેશન કરી અને દૂર કરવામાં આવી છે.



છત્રાલનો ૨૧ વર્ષીય યુવક આ ગાંઠથી પિડીત હતો. પિતા એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ૩-૪ વર્ષથી આ યુવક પિડાતો હતો તેણે ગાંધીનગર સિવિલમાં આ દર્દને લઈ બતાવ્યુ હતુ. ગઈકાલે સફળતાપૂર્વક આ યુવાનના ગળામાંથી આ ગાંઠ દૂર કરવામાં આવી છે.

ડૉ. ગજ્જરે આ પ્રકારનું આ ત્રીજુ ઓપરેશન ગાંધીનગર સિવિલમાં કર્યુ છે. જોકે તેમની કારકિર્દી દરમ્યાન આ પ્રકારની ૧૧મી વખત સર્જરી કરી છે.

ખુબ જ નાજુકાઈ સાથે આ ઓપરેશન કરવુ પડે છે અને તે માટે ભારે પરિશ્રમ પણ કરવો પડે છે તેમ તેમણે સ્વીકાર્યુ હતુ.

ઈએનટી વિભાગ ગાંધીનગર સિવિલ ખાતે જટીલ એવી ગણાતી જ્ઞાનતંતુની ગાંઠનું સફળ ઓપરેશન વિભાગના પ્રાધ્યાપક તથા વડા ડૉ. યોગેશ કે. ગજ્જર તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતુ.

ગળા અને માથામાં થતી આ પ્રકારની જ્ઞાનતંતુની ગાંઠ કે જેને સ્વાનોમાં અથવા ન્યુરીલેમોમા કહેવામાં આવે છે. આ ગળામાં આ પ્રકારની ગાંઠ થવી એ ખૂબ જ રેર હોય છે. ગળામાં થતી આ પ્રકારની ગાંઠનું ઓપરેશન ખૂબ જ જટીલ હોય છે કારણ કે ગાંઠની આજુબાજુ અગત્યના અવયો જેવા કે અન્ય જ્ઞાનતંતુ ગળાની મુખ્ય ધોરી નસ અને બીજી નસો આવેલ હોય છે. આ ગાંઠ આ બધા અવયોને એકદમ અડીને હોય છે. ઘણી વખત ચોટેલી હોય તો આ અગત્યના અવયોને ઈજા પહોંચાડ્યા વિના કાઢવી જરૂરી હોય છે અને તેના માટે સર્જનનો ઘણો અનુભવ જરૂરી છે. આ પ્રકારની ગાંઠ પ્રાઈવેટમાં કાઢવામાં દર્દીને ઘણો ખર્ચ થતો હોય છે.

૨૧ વર્ષનો છત્રાલ રહેતો યુવકને આ ગાંઠ છેલ્લા ૩-૪ વર્ષથી હતી અને ખૂબ ધીમે ધીમે વધતી હતી. જે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ઈએનટી વિભાગમાં ડૉ. યોગેશ ગજ્જરને બતાવવા આવ્યા બાદ તેમના બધાજ રીપોર્ટ જેવા કે સીટી સ્કેન, એમઆરઆઈ અને અન્ય રીપોર્ટ બાદ ઓપરેશન માટે દાખલ કરવામાં આવ્યા.

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના ૭૦૦ આવાસોનુ રીનોવેશન કરાશે

**આવાસની ઘટને નિવારવા માટે તંત્રએ અગાઉ સર્વે કરી આવાસોના મજબુતીકરણ માટે દરખાસ્ત કરી હતી : ટુંકમાં ગ-૧ ના બંગલાથી માંડી છ કક્ષાના વિવિધ આવાસોનુ રીનોવેશન કરાશે**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર શહેરમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો છે પરંતુ સેકટરોમાં સ્થિત આ આવાસો પૈકી રહેણાંકને લાયક આવાસોની સંખ્યા બહુ ઓછી છે જેના લીધે કર્મચારીઓને આવાસ ફાળવવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. શહેરમાં આવાસોની મોટી ઘટ પુરવા માટે પાટનગર યોજના વિભાગ દ્વારા આયોજન કરાયુ છે. જે અન્વયે શહેરમાં સ્થિત નાની કક્ષાના અને મોટા સરકારી બંગલાઓનુ પણ તબક્કાવાર રીનોવેશન કરવામાં આવી રહ્યુ છે. જેમાં ગ -૧ કક્ષાના બંગલાથી માંડીને છ કક્ષાના અંદાજિત ૭૦૦ આવાસોને રીનોવેશન હેઠળ આવરી લેવાશે.

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક રહ્યા નથી. જયારે હાલ પણ સેકટરોમાં તબક્કાવાર જોખમી આવાસોને તોડવામાં આવી રહ્યા છે. જયારે નવા આવાસો પણ બાંધવાનુ કામ પણ ચાલુ છે. પરંતુ ભયજનક મકાનો તોડીને નવા આવાસો બાંધવાની કામગીરી સંદર્ભે સ્થળ પસંદગીની પ્રક્રીયા ઝડપથી ન થતા હજુ નવા આવાસો બાંધવાની યોજનામાં ગતિ આવતી નથી. શહેરમાં હાલ અંદાજિત ૪૫૦૦ જેટલા મકનો જોખમી હાલતમાં છે. આવા સંજોગોમાં કર્મચારીઓને આવાસ ફાળવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. જેના લીધે તંત્રના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ

● અનુસંધાન પાન-૭ પર

# પીંડારડામાં છેલ્લા પાંચ વર્ષના અંતે પણ એડવેન્ચર પાર્ક બનાવાની યોજના અધ્ધરતાલ

**વનવિભાગને ગ્રામ પંચાયતે સુપ્રત કરેલી ૬૮ હેકટરની જગ્યામાં લુપ્ત થતા વેલા સહીત ઔષધિઓની વાવણી કરવા માટે કાર્યયોજના તૈયાર પરંતુ ખર્ચની જોગવાઇના અભાવે યોજના સાકાર થતી નથી**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર જિલ્લાના પીંડારડા ગામમાં વનતંત્રને ગ્રામ પંચાયતે સપ્રત કરેલી જગ્યાને વિકસાવાની યોજના હજુ પણ અધ્ધરતાલ છે. છેલ્લા પાંચ વર્ષથી આ મામલે કાંઈ થઈ શક્યુ નથી. પીંડરાડામાં વનતંત્રને ૬૮ હેકટર જગ્યા પંચાયતે ફાળવી છે. જયારે આ વિસ્તારમાં વનતંત્ર દ્વારા એડવેન્ચર પાર્કનુ નિર્માણ કરવા માટે પણ કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. જેની પાછળ અંદાજિત રૂ ૭૦ લાખનો ખર્ચ થાય તેમ છે. પરંતુ વનવિભાગ કક્ષાએથી ખર્ચની જોગવાઈ ન થતા હજુ સુધી આ જગ્યા પડતર છે. મહુડી માર્ગ પાસે સ્થિત આ જગ્યામાં વિવિધ પ્રકારના લુપ્ત થતા વેલા અને ઔષધિઓ ઉગાડવા માટે પણ વનતંત્ર દ્વારા પ્લાનીંગ કરવામાં આવ્યુ છે પરંતુ નાણાંના અભાવે યોજના સાકાર થતી નથી.

ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં વનતંત્ર દ્વારા હરિયાળી નિખારવા માટે દરવર્ષે વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે આ દરમિયાન શહેર અને જિલ્લામાં નવા રોપાઓની વાવણી સહીત ગ્રામવન યોજના અન્વયે પણ વિવિધ ગામોમાં ગ્રામવન તૈયાર કરવા માટે પણ આયોજન કરવામાં આવે છે. શહેર નજીકના ગામોમાં નવી જગ્યાઓ ડેવલપ કરવા સહીત ગ્રામ પંચાયત કક્ષાએથી ઉપલબ્ધ થતી જગ્યામાં પણ વનતંત્ર દ્વારા નવા રોપાઓ અને ઔષધિ ઉછેરવા માટે યોજના તૈયાર કરવામાં આવે છે. પરંતુ આ મામલે વિભાગ કક્ષાએથી નાણાંની જોગવાઈ ન થતા જમીનની ઉપલબ્ધિ હોવાછતા આ પ્રકારની યોજના આગળ વધી શકતી નથી. જિલ્લાના પીંડારડા ગામમાં પણ ગ્રામ પંચાયત કક્ષાએથી વનતંત્રને ૬૮ હેકટર જગ્યા ફાળવવામાં આવી છે. નદી કીનારાની આ ટેકરાવાળી જગ્યાને પ્રાકૃતિક ઢબે વિકસાવવા માટે વનતંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતુ પરંતુ છેલ્લા પાંચ વર્ષના અંતે પણ આ યોજના સાકાર થઈ નથી. પીંડારડામાં આ જગ્યાએ ટેકરાળ વિસ્તારને અનુલક્ષીને પ્રાકૃતિક ઢબે વિકસાવાની પણ વિચારણા કરી છે. જેમાં અવનવા રોપાઓ સહીત લુપ્ત વેલાની જાતિનો ઉછેર કરવા માટે પણ વિચારણા કરવામાં આવી છે વનતંત્ર દ્વારા આ ઠેકાણે ગળો, મધનાશિની જેવા વેલાનો ઉછેર કરવા સહીત વિવિધ પ્રકારની ઔષધિઓથી નિખારવા માટે કાર્યયોજના તૈયાર કરાઈ છે. જેથી આવનાર પ્રકૃતિ પ્રેમીઓને પણ કુદરતી ઔષધિઓ અંગે વધુ લગાઉ કેળવાય પરંતુ છેલ્લા પાંચ વર્ષના અંતે પણ પીંડારડામાં આ

● અનુસંધાન પાન-૭ પર

# સચિવાલય સંકુલમાં ધૂળ ખાતા ઓટોમેટિક હેન્ડ સેનેટાઇઝર મશીન

**કોરોના મહામારી પ્રત્યે જાણે સરકાર નિશ્ચિંત બની : મોટા ભાગના મશીનો બગડેલી હાલતમાં**










ગાંધીનગર, તા.૨૬

છેલ્લા બે વર્ષમાં કોરોના મહામારીએ વિશ્વભરમાં કોહરામ મચાવી દીધો છે. ગુજરાતમાં પણ વાયરસ સંક્રમણથી અસંખ્ય નાગરિકો કવેળાએ મોતને ભેટવા પામ્યા છે. જોકે છેલ્લાં કેટલાંક સપ્તાહથી કોરોના મહામારીના કેસો નહીંવત થઈ જતાં સરકાર અને પ્રજા ફરી આ મહામારી પ્રત્યે નિશ્ચિંત સ્થિતિમાં જોવા મળી રહ્યા છે અને કોરોનાએ શીખવાડેલા "એસએમએસ" એટલે કે સેનિટાઈઝર, માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ જેવાં સાવચેતીના પગલાં બાબતે સંપૂર્ણ ઉદાસીનતા જોવા મળી રહી છે. એક સમયે પોતાના ખિસ્સામાં કે પર્સમાં પણ સેનેટાઈઝર લઈને ફરતાં સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ પણ હવે ઓટોમેટિક હેન્ડ સેનેટાઈઝરને ચાલુ કરવા માટે તો ઠીક પરંતુ પોતાના હાથ પણ સેનેટાઈઝ કરવાનું ટાળી રહ્યાં છે જેના પગલે દર વખતે "આરંભે શુરા અને પછી પૂરા"ના હિસાબે કોરોના મહામારીની અસર ઓછી થઈ જતાં હવે ઓટોમેટિક હેન્ડ સેનેટાઈઝર મશીનો ગાંધીનગરના સચિવાલય સંકુલોમાં કે સરકારી ભવનોમાં ધૂળ ખાતા નજરે ચઢી રહ્યાં છે જે પૈકી મોટા ભાગના મશીનો બગડેલી હાલતમાં જોવા મળી રહ્યાં છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## રાંધેજા ખાતે કૃષિ મહોત્સવ અને પશુ આરોગ્ય મેળાનું સફળ આયોજન

ગાંધીનગર, તા. ૨૬

રાંધેજા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે આજે કૃષિ મહોત્સવની ઉજવણી સાથે પશુમેળાનું પણ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યુ હતુ. ગુજરાત વિદ્યાપીઠના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે આજે ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરની અધ્યક્ષતામાં આ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ મહોત્સવમાં ડ્રોન ટેકનોલોજી અને નવીન ખેતી પદ્ધતિ, પ્રાકૃતિક ખેતી, ફાર્મ મિકેનાઈઝેશન સહિતની બાબતોને લઈ ગહન ચર્ચાઓ થઈ હતી. આ મહોત્સવમાં ૩૦૦ થી વધુ ખેડૂતો જોડાયા હતા. આ મહોત્સવમાં દાંતીવાડા કૃષિ યુનિ.ના વૈજ્ઞાનિકોએ પ્રાકૃતિક ખેતી તેમજ ટપક સિંચાઈ પદ્ધતિથી કઈ રીતે વધુ ઉત્પાદન મેળવી શકાય આ ઉપરાંત પ્રાકૃતિક ખેતીનો વિકલ્પ કેમ મહત્વનો છે તે વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. આ મહોત્સવમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વી.કે. ગર્ગ, જિલ્લા ખેતીવાડી અધિકારી શશીભાઈ પટેલ, પશુપાલન અધિકારી એસ.આઈ. પટેલ અને તેમની ટીમ પણ હાજર રહી હતી. આ કૃષિ મહોત્સવ સાથે યોજાયેલ પશુ આરોગ્ય મેળામાં એક શસ્ત્રક્રિયા ઉપરાંત ૩૮ પશુઓને તબીબી સારવાર તેમજ ૬૮૪ જેટલા પશુઓને કૃમિનાશક દવા પીવડાવી ૭૫૦ થી પણ વધુ પશુઓની સારવાર કરવામાં આવી હતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com